પેરિનેટલ હેપેટાઇટિસ B

વારંવાર પૂછાતા પ્રશ્નો

પેરિનેટલ હેપેટાઇટિસ B શું છે?

હેપેટાઇટિસ B એ એક વાઇરસ છે જે લિવરને સંક્રમિત કરે છે. કેટલાક લોકોમાં, આ ચેપ આજીવન રહી શકે છે અને ગંભીર લિવરના રોગ તરફ દોરી શકે છે. પેરિનેટલ હેપેટાઇટિસ B એટલે બાળકના જન્મ સમયે ચેપગ્રસ્ત માતા દ્વારા તેના બાળકને થતો હેપેટાઇટિસ Bનો ચેપ.

હેપેટાઇટિસ B કેવી રીતે ફેલાય છે?

હેપેટાઇટિસ B ત્યારે ફેલાય છે જ્યારે ચેપગ્રસ્ત વ્યક્તિના લોહી, વીર્ય અથવા અન્ય શારીરિક પ્રવાહી બીજા વ્યક્તિના શરીરમાં પ્રવેશે છે. આ આના દ્વારા થઈ શકે છે:

- જન્મ સમયે (યોનિમાર્ગ અથવા સિઝેરિયન પ્રસૂતિ દરમિયાન ચેપગ્રસ્ત માતાથી તેના બાળકને)
- ચેપગ્રસ્ત જીવનસાથી સાથે જાતીય સંપર્ક
- રેઝર, ટૂથબ્રશ, નેઇલ ક્લિપર, સોય અને સિરીંજ અથવા ગ્લુકોઝ મીટર જેવી વસ્તુઓ શેર કરવી
- ચેપગ્રસ્ત લોહી અથવા ખુલ્લા જખમ સાથે સીધો સંપર્ક
- સોય વાગવાથી અથવા અન્ય તીક્ષ્ણ સાધનો વાગવાથી લોહીના સંપર્કમાં આવવું

બાળકો અને શિશુઓ નીચેની રીતે પણ સંસર્ગમાં આવી શકે છે:

- ચેપગ્રસ્ત ઘરના સભ્ય અથવા સંભાળ રાખનાર વ્યક્તિ સાથે ગાઢ સંપર્ક
- ચેપગ્રસ્ત વ્યક્તિ દ્વારા ચાવેલો ખોરાક બાળકને ખવડાવવો
- કાન વીંધવાના અથવા ટેટૂ બનાવવાનું સાધન જે યોગ્ય રીતે જંતુરહિત કરવામાં આવ્યું ન હોય

હેપેટાઇટિસ B સામાન્ય સંપર્ક જેવી કે વાસણોની વહેંચણી, સ્તનપાન, આલિંગન, ચુંબન, હાથ પકડવા, ઉધરસ અથવા છીંક દ્વારા ફેલાતો નથી.

જે માતાને હેપેટાઇટિસ B છે, તે સ્તનપાન કરાવે તો તેનાથી બાળકમાં ચેપ લાગવાનું જોખમ વધતું નથી. સ્તનપાન કરાવવું સુરક્ષિત માનવામાં આવે છે, શરત એ છે કે સ્તનની ડીંટડીમાં તિરાડો પડતી કે લોહી નીકળતું અટકાવવા માટે તેની યોગ્ય સંભાળ રાખવામાં આવે.

ગર્ભવતી વ્યક્તિઓએ હેપેટાઇટિસ B વિશે ચિંતિત કેમ રહેવું જોઈએ?

ઘણા લોકોને હેપેટાઇટિસ Bના કોઈ લક્ષણો હોતા નથી અને કદાચ તેમને ખબર પણ ન હોય કે તેઓ ચેપગ્રસ્ત છે. ટેસ્ટિંગ (તપાસ) કર્યા વિના, તેઓ જન્મ સમયે અજાણતા તેમના બાળકને આ વાઇરસ આપી શકે છે.
નવજાત શિશુઓ ખાસ કરીને વધુ જોખમમાં હોય છે. જો જન્મ સમયે ચેપ લાગે અને રસીકરણ દ્વારા સુરક્ષા ન મળે, તો લગભગ 10 માંથી 9 શિશુઓને આજીવન લાંબા ગાળાનો ચેપ લાગી શકે છે, જે ભવિષ્યમાં ગંભીર લીવરના રોગ અથવા મૃત્યુનું કારણ બની શકે છે.

પેરિનેટલ હેપેટાઇટિસ Bને કેવી રીતે અટકાવી શકાય?

નિવારણ ટેસ્ટિંગ (પરીક્ષણ) અને તાત્કાલિક નવજાત સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે:

- તમામ ગર્ભવતી વ્યક્તિઓની દરેક ગર્ભાવસ્થા દરમિયાન હેપેટાઇટિસ B માટે તપાસ થવી જોઈએ.
- તમામ નવજાત શિશુઓને જન્મના 24 કલાકની અંદર હેપેટાઇટિસ Bની રસી મળવી જોઈએ.
- હેપેટાઇટિસ B ધરાવતી માતાઓ દ્વારા જન્મેલા બાળકોને નીચેની વસ્તુઓ મળવી જોઈએ:
  - હેપેટાઇટિસ Bની રસી અને
  - જન્મના 12 કલાકની અંદર (પ્રસૂતિ પછી શક્ય તેટલી વહેલી તકે)
    હેપેટાઇટિસ B ઇમ્યુન ગ્લોબ્યુલિન (Hepatitis B immune globulin, HBIG).

આ પગલાંઓ સાથે મળીને ચેપનું જોખમ મોટા પ્રમાણમાં ઘટાડે છે.

જો માતાને હેપેટાઇટિસ B ન હોય, તો શું બાળકને હજુ પણ હેપેટાઇટિસ Bની રસી લેવાની જરૂર છે?
હા. તમામ બાળકોને જન્મના 24 કલાકની અંદર હેપેટાઇટિસ Bની રસી મળવી જોઈએ. આ અન્ય લોકો પાસેથી સંભવિત ચેપ સામે વહેલી સુરક્ષા પૂરી પાડે છે, જેઓ કદાચ જાણતા ન હોય કે તેઓ ચેપગ્રસ્ત છે. તે ટેસ્ટિંગમાં થતી ભૂલો અથવા અજાણ્યા ચેપ સામે પણ એક સુરક્ષા તરીકે કામ કરે છે.

શું મારું બાળક હેપેટાઇટિસ B માંથી આપમેળે સાજું નહીં થઈ જાય?
ના. પુખ્ત વયના લોકોની તુલનામાં નાના બાળકો આ વાઇરસને શરીરમાંથી દૂર કરવામાં ઘણા ઓછા સક્ષમ હોય છે. જીવનના પ્રથમ વર્ષમાં ચેપગ્રસ્ત થયેલા 10માંથી લગભગ 9 શિશુઓમાં લાંબા ગાળાનો ચેપ વિકસે છે. જો કે, જન્મ સમયે રસીકરણ દ્વારા હેપેટાઇટિસ Bને ખૂબ જ અસરકારક રીતે અટકાવી શકાય છે.

શું પુખ્ત વયના લોકોએ હેપેટાઇટિસ B ની રસી લેવી જોઈએ?
હેપેટાઇટિસ Bની રસી United Statesમાં તમામ બાળકો માટે અને વધુ જોખમ ધરાવતા પુખ્ત વયના લોકો માટે નિયમિતપણે લેવાની ભલામણ કરવામાં આવે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- હેપેટાઇટિસ B ધરાવતી વ્યક્તિ સાથે રહેતા લોકો
- આરોગ્ય સંભાળ અને જાહેર સુરક્ષા કર્મચારીઓ જેઓ લોહીના સંપર્કમાં આવે છે
- ડાયાબિટીસ સહિતની કેટલીક તબીબી પરિસ્થિતિઓ ધરાવતા પુખ્ત વયના લોકો
- વધુ જોખમી જાતીય વર્તન ધરાવતી વ્યક્તિઓ
- પુરુષો જેઓ પુરુષો સાથે જાતીય સંબંધ ધરાવે છે
- નશીલા પદાર્થોનું ઇન્જેક્શન લેતા લોકો
- હેપેટાઇટિસ B ના ઊંચા દર ધરાવતા અમુક દેશોમાં મુસાફરી કરતા લોકો

પુખ્ત વયના લોકોએ તેમના આરોગ્ય સંભાળ પ્રદાતા સાથે વાત કરવી જોઈએ કે રસીકરણ તેમના માટે યોગ્ય છે કે નહીં.

હું ચિકનપોક્સ વિશે વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

- **આરોગ્ય સંભાળ પ્રદાતાઓ**
- **સ્થાનિક આરોગ્ય વિભાગ:** localhealth.nj.gov
- **New Jersey Department of Health (ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ):**nj.gov/health
- American Academy of Pediatrics (અમેરિકન એકેડેમી ઓફ પીડિયાટ્રિક્સ): હેપેટાઇટિસ B રસી

આ માહિતી ફક્ત શૈક્ષણિક હેતુઓ માટે છે અને આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો સાથેની સલાહનું સ્થાન લેવાનો હેતુ ધરાવતી નથી.